પોરબંદર જીલ્લાની અઠવાડીક **તા.૦૧/૧૧/૨૦૨૧ થી તા.૦૭/૧૧/૨૦૨૧** સુધીની સારી કામગીરીની મુદ્દા નંબર ૧ થી ૬ ની માહિતી નીચે મુજબ છે.

**મુદ્દા નંબર ૫:- વૃધ્ધો મહીલાઓ કે બાળકોની સુરક્ષા માટેની વિશિષ્ટ કામગીરીઃ-**

(૧) તા.૦૭/૧૧/૨૦૨૧ ના રોજ ઉદ્યોગનગર પો.સ્ટે. ની સી-ટીમ દ્વારા પો.સ્ટે. વિસ્તારમાં રહેતા અલગ-અલગ એરીયાના પચ્ચીસેક જેટલા બાળકોને યુટ્યુબ માં ગુજરાત પોલીસ દ્વારા “સમજ સ્પર્શ કી” બાબતે તૈયાર કરવામા આવેલ વિડીયો બતાવી “ગુડ ટચ” “બેડ ટચ” અંગે જરૂરી માર્ગદર્શન આપી કોઇ અજાણી વ્યક્તિ દ્વારા ચોકલેટ, નાસ્તો કે અન્ય કોઇ ચીજવસ્તુ આપી ખોટી લાલચ આપવામાં આવે તો આવા અજાણ્યા વ્યક્તિઓનો ભરોસો ન કરવા સમજ કરેલ.

(૨) તા.૦૧/૧૧/૨૦૨૧ તી તા.૦૭/૧૧/૨૦૨૧ ના દરમ્યાન હાર્બર મરીન પો.સ્ટે. ના સી ટીમ ના કર્મચારીઓ દ્વારા કુછડી ગામમાં કામ કરતી મહીલાઓને મળી કોઈ મુશ્કેલી હોય તો સી ટીમ ના કર્મચારીઓ, ૧૮૧ હેલ્પ ડેક્સ તથા ૧૦૦ નંબરમાં જાણ કરવા જરૂરી સમજ કરેલ અને માર્ગદર્શન આપેલ.

**મુદ્દા નંબર ૬:- અન્ય લોકહીતની બાબતો જે લોકોને તુરંત જ ધ્યાન પર આવે તેવી બાબતો :-**

(૧) તા.૦૧/૧૧/૨૦૨૧ થી તા.૦૭/૧૧/૨૦૨૧ સુધી હાર્બર મરીન પો.સ્ટે. ના અધિકારી/કર્મચારીઓ દ્વારા પો.સ્ટે. વિસ્તાર પેટ્રોલીંગ દરમ્યાન કોવીડ-૧૯ ના સંક્રમણને ધ્યાને લઈ ૪૨ માસ્કનું વિતરણ કરવામાં આવેલ. લોકોને કોવીડ-૧૯ બાબતે સરકારશ્રીએ બહાર પાડેલ ગાઈડ લાઈનનું પાલન કરવા અને કોવીડ-૧૯ બાબતે જરૂરી તકેદારી રાખવા સમજ કરેલ.

જે આપશ્રીને વિદિત થાય.

(ભરત પટેલ)
ના.પો.અધિ.મુ.મ. અને
નોડલ ઓફીસર eGujcop
પોરબંદર